સમરસ છાત્રાલયમાં અનુસુચિત જાતિ/ અનુસુચિત જન જાતિ અને વિકસિત જાતિના વિદ્યાર્થીઓની પ્રવેશ ની ટકાવારી નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા-૧૦૧૬-૮૫૨૧૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૪-૬-૨૦૧૬

વંચાણે લીધાં

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો તા.૬-૫-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ અજાક-ગ-૧-૧-૨૦૧૬-૧૭-૮૪૧૦

ઠરાવ-

અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રવેશ માટે બેઠકો ની ફાળવણી ત્રણેય ખાતા વચ્ચે સરખા પ્રમાણમાં કરવા દરખાસ્ત નિયામકશ્રી, અજાકના વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૬-૫-૨૦૧૬ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. તા.૧૪-૩-૨૦૧૬ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સમરસ છાત્રાલયની સમીક્ષા બેઠક માં ભૌગોલિક સ્થિતિ મુજબ વિદ્યાર્થીઓને જાતિ વાર પ્રવેશ માટે બેઠકો ની ટકાવારી નિશ્ચિત કરવાનો મુદો રજુ કરવામાં આવેલ હતો. મીટિંગમાં ચર્ચાના અંતે અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ અને વિકસતી જાતિના છાત્રાલયોની સંખ્યા, છાત્રાલયોમાં દાખલ કરવા માટે અનુસુચિત જાતિની ૭ ટકા અનુસુચિત જનજાતિની ૧૫ ટકા અને વિકસિત જાતિના ૨૭ ટકા વસ્તી ધ્યાને લેતા અનુસુચિત જાતિ માટે ૧૫ ટકા, અનુસુચિત જન જાતિ ૩૦ ટકા અને વિકસતી જાતિ માટે ૫૫ ટકા અનામત (પ્રવેશ ની ટકાવારી) બેઠકો નકકી કરવા માટે પ્રસ્તુત બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણા ને અંતે અનુસુચિત જાતિઓના છાત્રો માટે ૧૫ ટકા, અનુસુચિત જન જાતિના છાત્રો માટે ૩૦ ટકા અકબંધ રાખી બાકી બચતા ૫૫ ટકા પૈકી ૧૦ ટકા આર્થિક પછાત વર્ગો (EBC)માટે નિર્ધારિત કરવાની રહેશે. અનુસુચિત જાતિના ૧૫ ટકા પૈકી અતિ પછાત ૧૨ જાતિઓ માટે વસ્તીના પ્રમાણમાં પેટા અનામત, અનુસુચિત જન જાતિઓના ૩૦ ટકા પૈકી અતિ પછાત આદિમ જૂથોની જાતિઓની વસ્તીના પ્રમાણમાં પેટા અનામત,

તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના માટે બચતા ૪૫ ટકા પૈકી ૧૦ ટકા અતિ પછાત, વધુ પછાત અને વિચરતિ વિમુક્ત જાતિઓ માટે પેટા અનામત રાખવાનું પણ ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી અતિ પછાત, વધુ પછાત, વિચરતી વિમુક્ત જાતિઓ ની યાદી અને વસ્તી નિર્ધારિત કરીને વિગતવાર પરિપત્રો ત્રણેય ખાતાના વડાઓ એટલે કે નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ કરવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર સરકારશ્રીની તા. ૩૧-૫-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:
માન. મુખ્યમંત્રીશ્રીના ના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રી(સા.ન્યા) સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
સર્વે રાજ્ય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.ન્યા) સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, (સામાજીક ન્યાય ) સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ .વિકાસ, બિરસા મુંડા ભવન ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(તમામ જિલ્લા અધિકારીશ્રીઓ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તમામ નાયબ નિયામકશ્રીઓ (નિયામકશ્રી અ.જા.ક મારફત)
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(તમામ જિલ્લા અધિકારીશ્રીઓ નિયામકશ્રી, વિકસિત જાતિ કલ્યાણ, મારફત)
સેકશન અધિકારીશ્રી,અ-૧ શાખા, સા.ન્યા અને અધિ વિભાગ
સે.અ. શ્રી (કો. સેલ)વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેક્ટ ફાઇલ..